

**અનાદિ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યની શરદ પૂર્ણિમાએ**
**તથા નૂતન વર્ષ-૨૦૮૧ના પ્રારંભે**
**આપણા શેષ જીવનને પ્રભુની બંસરીરૂપ, પ્રભુના દિવ્ય કાર્યના વાહકરૂપ બનાવીએ !**

**‘બ્રહ્મનિર્ઝર’**નો આ વિશેષ અંક આપ વાંચી રહ્યા છો ત્યારે ભક્તિ-શક્તિની આરાધનાનાં મહાપર્વો મા ભગવતીનાં પૂજા-અર્ચનાની શારદીય નવરાત્રિ સંપન્ન થયાં છે, દશેરા ઉજવાઈ છે.

અનાદિ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યની શરદ પૂર્ણિમાના શીતળ ચંદ્ર સોળે કળાએ ખીલી રહ્યા છે.

તથા, દીપોત્સવી, ભાઈબીજ અને નૂતન વર્ષના વિવિધ ઉત્સવોના ઉમંગ-ઉલ્લાસથી આપણાં હૃદય, ઘર અને ગામ-નગર આ ઉત્સવોને વધાવવા-ઊજવવા ઉત્સુક છે. આ અંકમાં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીએ દીપોત્સવી નિમિત્તે નૂતન વર્ષના જે આશીર્વાદ લખ્યા છે તેના વારંવાર વાંચન, મનન, ચિંતન કરી, તેઓની આજ્ઞા-ઉપદેશનાં વચનોને નવા વર્ષે અને સમગ્ર શેષ જીવન દરમિયાન આચરણમાં સુફલ બનાવવા આ મંગલ દિવસો દરમિયાન પ્રાર્થના કરી તેઓનાં બળ અને કૃપાની યાચના કરીએ.

વિક્રમ સંવત ૨૦૮૧નું નવું વર્ષ આપણા શેષ જીવનના પ્રથમ વર્ષ રૂપે વિશિષ્ટ બનાવી શકાય ?

એક, ભગવાનની અપરંપાર કૃપાથી આપણને દુર્લભ તેવો મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે. વિદ્વાનો અને જ્ઞાનીજનો તો કહે છે કે, આખા બ્રહ્માંડની તમામ સંપત્તિના બદલામાં આયુષ્ય સમાપ્ત થયા પછી પ્રાણવાયુનો માત્ર એક વધુ શ્વાસ મળવો અસંભવ છે. અને જીવતેજીવ આવાં અનંત બ્રહ્માંડોની સઘળી સંપત્તિના બદલામાં માણસના એક નખનો જેવો હોય તેવો એક નવો ટુકડો પણ તત્કાળ મેળવવો અશક્ય છે. તો આખા માનવ દેહ, જે સ્વયં પ્રભુનું એક ચમત્કારી સર્જન છે, તેનું મૂલ્ય તો અમાપ અને કલ્પનાથી પણ પર છે. માટે પ્રભુએ આપેલો આ દુર્લભ એવો માનવ દેહ તેની દસેય ઈન્દ્રિયો અને મન સહિત ભગવાનના પ્રગટ સ્વરૂપ અને ગુરુનાં વચન-આજ્ઞા અનુસાર ભગવાનની અને ભગવાનનાં સર્જનોની સેવામાં ભગવાનને રાજી કરવા વપરાય, પ્રયોજાય તો આ દુર્લભ દેહ દિવ્ય થઈ જાય અને નવા વર્ષે શેષ જીવન ભક્તિરૂપ બની જાય!

બીજું, ભગવાનની કૃપા, પૂર્વનાં ભક્તિરૂપ સત્કર્મો અને અથવા માતા-પિતાના સંસ્કારવારસાની પ્રાપ્તિ રૂપે આપણને દુર્લભમાં દુર્લભ સત્સંગનો સહજ યોગ થયો છે. સત્સંગનો મહિમા તો અતિશય મોટો છે. સત્સંગ તો અંતઃકરણને શુદ્ધ કરનાર અને આત્માની પરમાત્મા સાથેની એકતાને સાધનાર સામર્થ્ય ધરાવે છે.

સત્સંગનાં મહિમાગાન કરનારાં તો ૧૮ પુરાણ અને અનેક સદ્‌શાસ્ત્રો છે. તે સર્વના સારરૂપ વાત કહેતા અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીએ (પ્રકરણ ૧ની ૧૭મી) ‘વાત’માં કહ્યું, “...સત્સંગ શું ? જે, મોટા એકાંતિક સાધુને હાથ જોડવા અને તેઓ કહે તેમ કરવું એ જ છે.” અને વળી આજ ‘વાત’માં સ્વામીશ્રી કહે છે કે, “ભગવાન જેવા સત્સંગે કરીને વશ થાય છે તેવા તો તપ, યજ્ઞ, યોગ, વ્રત કે દાન આદિ સાધને કરીને પણ વશ થતા નથી!” તો અનાદિ અક્ષરબ્રહ્મની પરાવાણીમાં પ્રગટ તેવા સત્સંગના અર્થ અને સારને આચરણમાં મૂકીએ તો શેષ જીવનનું આપણું પ્રથમ વર્ષ-નૂતન વર્ષ આપણા શેષ જીવનને પ્રભુની બંસરીરૂપ, પ્રભુના દિવ્ય કાર્યના વાહકરૂપ બનાવે!

અને ત્રીજું, દુર્લભોમાં પણ અતિશય દુર્લભ પ્રાપ્તિ તે માનવદેહમાં પ્રગટ ભગવાનના તત્ત્વના ધારક સાકાર ગુણાતીત સત્પુરુષ સંતભગવંત સાહેબજીની સહજ અને અનાયાસ પ્રાપ્તિ ! નવા વર્ષે હૃદયની તીવ્રતાથી પ્રાર્થના કરીએ કે, “હે ગુરુહરિ સાહેબદાદા, આપનું જેવું છે તેવું યથાર્થ સ્વરૂપ ઓળખાવો, તે સ્વરૂપને વિશે નિર્વિકલ્પ તેવો ઉત્તમ નિશ્ચય (વચનામૃત લોયા ૧૨ પ્રમાણે) દૃઢ કરાવો અને આજીવન આપનું કાર્ય, આપની રીતે, આપને રાજી કરવાની એકમાત્ર ભાવના અને જીવનધ્યેયરૂપે કરતા રહીએ !”

ઉપરોક્ત ત્રણ જીવનવિચાર અને જીવનભાવનાને જાગ્રતતાપૂર્વક, આળસ-પ્રમાદ-ગાફલાઈ છોડી, પ્રભુના બળે આચરણમાં મૂકવા પ્રામાણિક રુચિ અને પ્રયત્ન કરીએ તો નૂતન વર્ષ અત્યાર સુધીના જીવનનું સર્વશ્રેષ્ઠ વર્ષ બની રહે અને શેષ જીવનના નવારંભના સર્વોત્તમ વર્ષરૂપે આપણા જીવનને દિવ્ય, આનંદસભર અને ભગવદ્‌ભાવયુક્ત બનાવે!

વિક્રમ સંવત ૨૦૮૧ના નૂતન વર્ષના આરંભની મંગલ દીપોત્સવીએ આપણા સૌની આ પ્રાર્થના શ્રી પ્રભુના ચરણે અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે ધરી સૌને સૌ સંતો વતી નૂતન વર્ષનાં અભિનંદન અને સર્વ શુભ ભાવનાઓ પાઠવીએ છીએ ! જય શ્રી સ્વામિનારાયણ ! ◆

સા.શ્રી...

~ સાધુ મનોજદાસ